॥ શ્રી દ્વારકેશો જયતિ ॥ ॥ શ્રી લાલો જયતિ ॥ ॥ શ્રી વલ્લભાધીશો જયતિ ॥



શ્રી દ્વારકેશ પુષ્ટિમાર્ગીય સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત

# શ્રી વલ્લભ પુષ્ટિ ધામ






શ્રી ગિરીરાજ ધામ



શ્રી વિઠ્ઠલેશ પુરૂષોત્તમ ગૌ સેવા મંદિર



શ્રી વલ્લભ ચરણરજ મંદિર



શ્રી વ્રજલક્ષ્મી પ્રસાદ ઘર



શ્રી યમુના પુલીન



શ્રી દ્વારકેશ આયુર્વેદિક ઔષધાલય







## શ્રી દ્વારકેશ પુષ્ટિમાર્ગીય સેવા ટ્રસ્ટ

ટ્રસ્ટ રજી. નં. ઈ-૧૬૯૦૭, મુંબઇ


મુખ્ય કાર્યાલય

**શ્રી દ્વારકાધીશજી હવેલી,** શ્રી વલ્લભાચાર્ય માર્ગ, અમરેલી - ૩૬૫૦૧. (ગુજરાત).

**શ્રીવલ્લભ પુષ્ટિ ધામ,** અમર ડેરીની બાજુમાં, ગાવડકા, અમરેલી ચલાલા હાઇવે, જી. અમરેલી - ૩૬૫૦૧.

Email : shrivallabhpushtidham@yahoo.in Web. : www.pushtikul.com



# 'શ્રી વલ્લભ પુષ્ટિધામ'

॥ શ્રી વલ્લભાધીશો જયતિ ॥





## આચાર્ય સંદેશ

શ્રીવલ્લભના કૃપાપાત્ર, લાડીલા, આત્મીય સ્વજનો,

કેટલાય સમયથી એવું એક સ્વપ્ન હતું કે વૈષ્ણવ સૃષ્ટિના ઉત્કર્ષ માટે એક એવા અલૌકિક અદ્વિતિય સેવાધામનું નિર્માણ કરવું કે જે સમાજ ઉપયોગી અનેકવિધ પ્રવૃત્તિઓથી સદાય મધમધતું રહે. જેમાં ગૌ સેવા થાય, જેમાં શ્રી ગિરિરાજ ધામનું નિર્માણ થાય, શ્રીવલ્લભ ચરણરજ મંદિરમાં વૈષ્ણવો શ્રીવલ્લભની ચરણ રજમાં આળોટી કૃતકૃત્ય થઇ શકે. જ્યાં વૈષ્ણવો મહાપ્રસાદ લઇ શકે, પુષ્ટિપુરૂષોત્તમ પ્રભુના અનેક દિવ્ય મનોરથો સિધ્ધ થાય. પશુ ચિકિત્સા માટે દવાખાનું થઇ શકે, પક્ષીઓના ચણ માટે ચબૂતરો થઇ શકે, બાળકો માટે સંસ્કૃત પાઠશાળા ચાલતી હોય. સમાજ માટે ગૌમૂત્ર દ્વારા નિર્મિત ઔષધોનું વિનામૂલ્ય વિતરણ થાય. ટુંકમાં કહીએતો જેમાં વૈષ્ણવોનો આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક ઉત્કર્ષ સાધી શકાય. જ્યાં ધર્મ અને સંસ્કૃતિનું જતન થાય અને આપણી પરંપરાના મૂલ્યો સચવાય.

નિકુંજનાયક શ્રીદ્વારકાધીશ પ્રભુ અને શ્રીલાલજી પ્રભુના અસીમ અનુગ્રહથી અને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણની કૃપાથી અમારા તાતચરણ નિ.લી.પ.પૂ.ગો. ૧૦૮ શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી, ગુરૂવર્ય તાતચરણ નિ.લી.પ.પૂ.ગો. ૧૦૮ શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી અને પિતૃચરણ પ્રાતઃસ્મરણીય પ.પૂ.ગો. ૧૦૮ શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી મારૂં એ સ્વપ્ન 'શ્રી વલ્લભ પુષ્ટિધામ' સ્વરૂપે સાકારિત થવા જઇ રહ્યું છે.

આવો આપણે સૌ આ અલૌકિક કાર્યમાં સહભાગી થઇ પુષ્ટિમાર્ગના ગૌરવને આગળ વધારીએ અને આપણી વૈષ્ણવતા સાર્થક કરીએ.

પ્રભુ આપને ખૂબ શક્તિ સામાર્થ્ય પ્રદાન કરે, આપનાં ભગવદ્‌ભાવનું દિનપ્રતિદિન વર્ધન થાય અને આપનાં સર્વે અલૌકિક મનોરથો પૂર્ણ થાય એજ ભગવદ્ ચરણારવિન્દમાં અભ્યર્થના સહ શુભાશિષ.....

# 'શ્રી વલ્લભ પુષ્ટિધામ'



## શ્રી ગિરિરાજ ધામ

'શ્રી હરિદાસવર્ય શ્રીગિરિરાજ ગોવર્ધનાય નમઃ'

પુષ્ટિમાર્ગમાં શ્રીગિરિરાજજી સાક્ષાત ભગવદ્ સ્વરૂપે અને શ્રી હરિદાસવર્ય સ્વરૂપે બિરાજે છે. અનંત કાળથી ભકતો શ્રીગિરિરાજજીનું પૂજન અને શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવા વ્રજમાં જાય છે. શ્રી ગિરિરાજજી અત્યંત કૃપાળુ છે. અનેક ભકતોનાં મનોરથો અનેક પ્રકારે શ્રીગિરિરાજજી સિધ્ધ કરે છે. શ્રી ગિરિરાજજીમાં પુષ્ટિપુરૂષોત્તમ પ્રભુની નિત્યલીલીલા બિરાજે છે. દ્વાદશ નિકુંજો છે. અષ્ટસખાના લીલાપ્રવેશના આઠ દ્વાર છે. કહેવાય છે કે શ્રીનાથજીબાવા પણ નિત્ય શયન કરવા માટે શ્રીગિરિરાજજીમાંજ પધારે છે.

'શ્રીગિરિરાજધામ' સંકુલમાં શ્રીગિરિરાજજીનું ભવ્ય પ્રતિકાત્મક ભાવાત્મક સ્વરૂપ સિધ્ધ થશે. જેમાં મુખારવિન્દ અને પ્રભુની લીલા સ્થળોના સૂક્ષ્મ સ્વરૂપો સિધ્ધ થશે. દા.ત. માનસીગંગા, રાધાકૃષ્ણકુંડ, ગોવિન્દકુંડ, બેઠકજી આદિ સર્વ સ્થળો ભાવાત્મક સ્વરૂપે સિધ્ધ થશે. વૈષ્ણવો શ્રીગિરિરાજજીની માનસી ૯ કોસી પરિક્રમા કરી ધન્યતા અનુભવશે. સમગ્ર સંકુલનો અંદાજિત ખર્ચ રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ રૂપિયા).

## શ્રી વ્રજલક્ષ્મી પ્રસાદ ગૃહ (અન્નક્ષેત્ર)

બહારગામથી દર્શને આવતા અતિથીઓ તેમજ મરજાદી વૈષ્ણવો માટે. મરજાદી વૈષ્ણવ દ્વારા સામગ્રી સિધ્ધ કરી પ્રભુને ભોગ ધરાવી અને મહાપ્રસાદ લેવાની વ્યવસ્થા વિનામૂલ્યે થશે. આ એક દિવ્ય સેવા છે. કહેવાય છે કે એક વૈષ્ણવને પ્રસાદ લેવરાવવાથી સો બ્રાહ્મણોને પ્રસાદ લેવરાવવાનું ફળ પ્રાપ્ત થાય છે. ભોજનશાળા, રસોઇનાં પાત્રો તેમજ ભોજન માટેના પાત્રોનો અંદાજિત ખર્ચ રૂા. ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ રૂપિયા).

## શ્રી વલ્લભ ચરણરજ મંદિર

શ્રી મહાપ્રભુજીના ૮૪ બેઠકજીની ભાવાત્મક ઝાંખી

'શ્રી વલ્લભ ચરણરજ મંદિર' એક ભાવાત્મક પરિકલ્પના છે. શ્રીમહાપ્રભુજીએ ખુલ્લા ચરણારવિન્દથી ત્રણ વખત સમગ્ર ભારતનું ભ્રમણ કર્યું છે. આપનાં ચરણારવિન્દ થી આ ભૂમિ સનાથ થઇ છે. જ્યાં શ્રી આચાર્ય ચરણે બિરાજીને શ્રીમદ્ ભાગવત કે વેદનું પારાયણ કર્યું છે. તે સ્થળ 'શ્રીમહાપ્રભુજીના બેઠકજી'ના નામે પ્રસિધ્ધ છે. સમગ્ર ભારતવર્ષમાં શ્રી મહાપ્રભુજીના ૮૪ બેઠકજી બિરાજે છે. દરેક વૈષ્ણવોનું એક સ્વપ્ન હોય છે કે અમને શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠકજીમાં ઝારી-ચરણસ્પર્શ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય. પણ તેનાં માટે આખા ભારતનું ભ્રમણ કરવું પડે. એ સૌભાગ્ય કોઇ કોઇ વિરલાનેજ પ્રાપ્ત થાય છે. 'શ્રીવલ્લભ ચરણરજ મંદિર'માં સમગ્ર ભારતની ૮૪ બેઠકજીમાંથી તે સ્થળની રજ પધરાવી. તેનાં પર શ્રીમહાપ્રભુજીનું આરસનું સ્વરૂપ બિરાજશે અને શ્રીમહાપ્રભુજીના ભાવાત્મક ચરણચિન્હવાળા ચરણારવિન્દ બિરાજશે. આસપાસ વ્રજની સ્મરણરેતી બિરાજશે. જેથી શ્રીવલ્લભ ચરણરજમાં આળોટીને પોતાનો દેહ પુલકિત કરવાનું સૌભાગ્ય સૌને પ્રાપ્ત થાય. તેમજ શ્રીમહાપ્રભુજીનાં ભાવાત્મક ૮૪ બેઠકજી નિર્માણ થશે. જેનાં દર્શન અને પરિક્રમા કરી સમગ્ર ભારતના ૮૪ બેઠકજીની માનસી પરિક્રમા કરી શકાય.

અંદાજિત ખર્ચ 'શ્રીવલ્લભ ચરણરજ મંદિર' રૂા. ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ રૂપિયા)

શ્રી મહાપ્રભુજીના ૮૪ બેઠકજી પ્રત્યેકના રૂા. ૫૧,૦૦૦/- (એકાવન હજાર રૂપિયા)





# ‘શ્રી વલ્લભ પુષ્ટિધામ’

## શ્રી યમુનાપુલિન

પુષ્ટિમાર્ગમાં શ્રીયમુનાજીને પુષ્ટિજીવોનાં ભાગ્યવિધાત્રી માનવામાં આવે છે. શ્રીયમુનાજીની કૃપાથી જીવોને ‘તનુનવત્વ’નું દાન થાય છે અને ભગવદ્ સેવોપયોગી દેહ પ્રાપ્ત થાય છે. શ્રીયમુનાજી શ્રીઠાકોરજીનાં ચતુર્થ સ્વામિની છે. શ્રીયમુનાજીનું પયઃપાન અને સ્નાન જે જીવ કરે તેની યમયાતના ટળે છે અને પ્રભુ પ્રસન્ન થઇ એ જીવને પુષ્ટિભક્તિનું દાન કરે છે.

‘શ્રીયમુનાપુલિન’ સંકુલમાં ૨૦ ફુટ બાય ૧૨ ફુટનો વિશાળ કુંડ શ્રીયમુનાજીનાં ભાવાત્મક સ્વરૂપે સિધ્ધ થશે આસપાસ સુંદર નિકુંજો અને પુલિન સિધ્ધ થશે. જેનાં સમય સમય પર શ્રીઠાકોરજીનાં નૌકાવિહારના મનોરથો થશે તેમજ પૂ. મહારાજશ્રીની આજ્ઞા લઇને વૈષ્ણવો પણ પોતાનાં સેવ્ય સ્વરૂપોને પધરાવી મનોરથો કરી શકશે.

અંદાજિત ખર્ચ રૂા. ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ રૂપિયા).

## શ્રી વિઠ્ઠલેશ પુરૂષોત્તમ ગૌ સેવા મંદિર



સૃષ્ટિનાં પ્રારંભમાંકાળથીજ વૈદિક સંસ્કૃતિમાં પરંપરાથી સમાજમાં ગૌ સેવા, ગાયોનું સંરક્ષણ અને સંવર્ધન થતું આવ્યું છે. ગાય એ વાસ્તવમાં માનવ સમાજનું એક અભિન્ન અંગ છે.

વેદ કાળથી લઇ અર્વાચીન ગ્રંથ સાહિત્યમાં ગાયોની પુષ્કળ મહિમા વર્ણવામાં આવી છે. ગાયોનાં અનંત ઉપકારોથી આપ્યાયિત થઇને ભાવુક પ્રાર્થના કરે છે.

ગાવોમે પુરતઃ સન્તુ ગાવોમે સન્તુ પૃષ્ઠતઃ ।<br>
ગાવોમે પરિતઃ સન્તુ ગવાં મધ્યે વસામ્યહમ્ ॥

અર્થાત : મારી આગળ ગાય હજો મારી પાછળ ગાય હજો. મારી ચારેય તરફ ગાયોનાં દર્શન થાય, હું સદાય ગાયોની વચ્ચેજ નિવાસ કરૂં, કહેવાય છે કે ગાયોના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓ વાસ કરે છે.

પૃષ્ઠે બ્રહ્મા ગલે વિષ્ણુર્મુખે રૂદ્રઃ પ્રતિષ્ઠિતઃ ।<br>
મધ્યે દેવતાગણાઃ સર્વે રોમકૂપે મહર્ષયઃ ॥

અર્થાત : ગાયની પીઠમાં બ્રહ્મા વાસ કરે છે. ગળામાં વિષ્ણુનો વાસ છે. મુખમાં રૂદ્ર, પેટમાં બધા દેવતાઓ અને રોમરોમમાં મહર્ષિઓનો નિવાસ છે. આટલું મહત્વ ધર્મશાસ્ત્રોમાં ગાયનું બતાવ્યું છે.

ગાયો અનેક પ્રકારે માનવજાતનું પોષણ કરે છે માટે ગાયોને વિશ્વની માતા કહેવામાં આવી છે. ‘ગાવો વિશ્વસ્યમાતરઃ’ દૂધ, દહીં, ઘી ગોબર અને ગૌમૂત્ર આ પાંચગવ્ય વિના કોઇ પણ શુદ્ધિ કે સંસ્કાર થઇ શકતા નથી. ગૌ સેવાથી માનવજાતિને અનેક લાભ મળે છે. હિંદુ ધર્મગ્રંથનો એક સુંદર શ્લોક છે.

ગવાં સેવા તુ કર્તવ્યા ગૃહસ્થૈઃ પુણ્ય લિપ્સુભિઃ ।<br>
ગવાં સેવા પરો યસ્તુ તસ્ય શ્રીર્વર્ધતેઃ ચિરાત્ ॥

પોતાનું કલ્યાણ વિચારવાવાળા ગૃહસ્થોએ ગૌ સેવા અવશ્ય કરવી જોઇએ કેમકે ગૌ સેવા પરાયણ વ્યક્તિની સંપત્તિમાં વૃધ્ધિ થાય છે. ગૌ સેવાથી ધન સંપત્તિ આરોગ્ય આદિ મનુષ્યજીવનને સુખરૂપ બનાવવાવાળા સંપૂર્ણ સાધનો સહજ માંજ પ્રાપ્ત થાય છે.

અનન્ત કોટિ બ્રહ્માંડનાયક ભગવાન શ્રીકૃષ્ણની વહાલી ગાયોની આજે જે રીતે દુર્દશા થઇ રહી છે એ કોઇનાથી અજાણ નથી. દૂધ અને દહીંની નદીઓ વહેતી હતી એ ભુતકાળ થઇ ગયો છે પણ આપણાં બાળકોને ગાયમાતાનું વિશુદ્ધ દૂધ મેળવું પણ આજે મુશ્કેલ થયું છે.

આજ અભાવથી આપણા શક્તિ – સામર્થ્ય અને ધન તથા ધર્મની જે રીતે હાનિ થઇ રહી છે એ આપ સૌ સામે પ્રત્યક્ષ છે. પરંતુ આ દોષનું ભાગીદાર કોણ ?

આજે આપણાં દેશમાં ગૌ સેવા પશુપાલન આદિનાં સંબંધમાં દયનીય સ્થિતિ ઉત્પન્ન થઇ રહી છે. ગૌવંશ ઉપર આજે ભયંકર આફત આવી છે. આપણાં દેશમાં મોટેપાયે ગૌવંશનું નિકંદન નીકળી રહ્યું છે. અને આપણે મૂક પ્રેક્ષક બનીને નીહાળી રહ્યા છીએ.

# ‘શ્રી વલ્લભ પુષ્ટિધામ’



ગૌ માતા હિંદુ, મુસલમાન, ખ્રિસ્તીઓ અને સંસારના દરેક મનુષ્યને સમાન રૂપથી સ્નેહ કરીને પોષણ કરે છે.

એક કૃષિ વિશેષજ્ઞ – રાલ્ફ એ હેન લખે છે.

‘જ્યાં ગોપાલન થાય છે, ગૌ સેવા થાય છે ત્યાં સભ્યતાનો વિકાસ થાય છે. ધરતી હરિયાળી અને ઉપજાઉ થાય છે. ઘરો સમૃધ્ધ અને સંપન્ન થાય છે. દેવું ઓછું થાય છે. ગાય એ મનુષ્ય જાતિ માટે ઇશ્વરીય ભેટ છે.’

એક ગૌભક્ત મુસલમાન ફકીર ગોપ્યારાશાહ લખે છે કે...

‘ગૌ મેરી માતા હૈ, હમ લોગ ગૌ પાલતે હૈ ખુદગર્જી કે લિયે, દૂધ કે લિયે. મગર યહ સચ્ચી મુહબ્બત નહીં હૈ. અગર દિલ સે ગાય સે મુહબ્બત કી જાય તો દુનિયાભરકે એશોઆરામ ઘર મેં ભર જાયેંગે. મૈં જહાં જાતા હું, વહાં હિંદુ–મુસલમાન સબકો ગાય કી મુહબ્બત કા સબક સિખાતાહું, હિંદુસ્તાન કો ફિરસે વાકઇ સોનેકી ચિડિયા બનાના ચાહતે હો તો ગૌ કી હિફાજત કરની હોગી. ક્યા હિંદુ ક્યા મુસલમાન ? હર એક હિંદુસ્તાનીકા ફર્જ હૈ કિ ગૌ અમ્માસે મુહબ્બત કરે. મૈં દાવે કે સાથ કહેતાહું જો ગૌ કી પરવરિશ સચ્ચે દિલસે કરેગા, ઉસે ખુદા દુનિયાભરકી નિયામત બખ્શેગા.’

ગાય વિષે જેટલું લખાય તેટલું ઓછું છે કારણ કે તેનું માહાત્મ્ય અનન્ત છે. પણ આપણાં માટે તેનું આધિદૈવિક મહત્વ પણ વિશેષ છે.

આપણા પ્રાણપ્યારા પુષ્ટિ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની તો ગાય વગર કલ્પના પણ થઇ શકતી નથી. ભગવાન શ્રીકૃષ્ણએ કેવળ ગૌચારણ જ નથી કર્યું પણ ગોપાલન પણ કર્યું છે. એટલે જ પ્રભુ ગોવિંદ અને ગોપાલ કહેવાયા છે. પ્રભુ પણ માત્ર ગાયનું જ દૂધ આરોગે છે. આપશ્રીએ વ્રજમાં અનેક સ્થળોએ વનોમાં, શ્રીયમુનાજીના તટપર, શ્રીગિરિરાજજીની તળેટીમાં ગૌધન સાથે વિહાર કર્યો છે એટલેજ ભગવદીઓએ ગાયું છે. ‘આગે ગાય પાછે ગાય, ઇતગાય, ઉતગાય, ગોવિંદ કો ગાયન મેં બસવો ભાવે’ બીજું કોઇ માહાત્મ્ય ન વિચારીએ તો પણ આપણા સેવ્ય–પુષ્ટિ પ્રભુને ગૌધન અતિપ્રિય છે એજ માત્ર કારણ એમની સેવા માટે પર્યાપ્ત છે.

આવો, સાથે મળી આપણા ગૌધનનું રક્ષણ અને પાલન યથાશક્તિ કરી તેમને બચાવીએ અને આપણા સમાજને, દેશને ગૌ હત્યાંનાં કલંકથી મુક્ત કરીએ.

વિશેષ : ભગવાન શ્રીકૃષ્ણનાં સમયની નંદવંશની ગાય ‘ધોરા’ ગાયનો વંશવેલો હજુ પણ વ્રજમાં ‘બિહારવન’ આદિ ગૌશાળામાં સેવાય છે ટૂંક સમયમાં આજ વંશની ‘ગોપી’ ગાયની પધરામણી આ ગૌશાળામાં થઇ રહી છે જેનાં દર્શન અને પૂજનનું સૌભાગ્ય ભાગ્યશાળીનેજ મળી શકશે.

અંદાજીત ખર્ચ રૂા. ૨૧,૦૦,૦૦૦/– (એકવીસ લાખ રૂપિયા).



## ગૌશાળામાં દૈનિક / માસિક / વાર્ષિક યોજનાઓ

(૧) બધી ગૌમાતાનાં એક દિવસનાં પૌષ્ટિક આહાર માટે રૂા ૫,૧૦૦/–

(૨) એક ગૌમાતાનાં એક વર્ષના નિરણ–ઘાસચારા માટે રૂા. ૧૧,૦૦૦/–

(૩) નિરણ – સુકા ઘાસચારા માટે એક ટ્રકનું અનુદાન રૂા. ૨૧,૦૦૦/–

(૪) આપનાં જીવનનાં યાદગાર પ્રસંગ નિમિત્તે શુભ તિથિએ ગૌ માતાઓને આખા દિવસના (૧૦ વર્ષ સુધીના) રૂા. ૫૧,૦૦૦/–

### વિશેષ માહિતિ

(૧) ઉપર મુજબ દરેક વિભાગોના મનોરથી દાતાશ્રીઓના નામ જે તે વિભાગોમાં પૂ. મહારાજશ્રીની આજ્ઞા અનુસાર ૧૨ બાય ૧૮ની તકતીમાં લગાડવામાં આવશે.

(૨) રૂા. ૧૧,૦૦૦/– કે તેથી વધુ રકમનાં દાતાશ્રીઓનાં નામ સંયુક્ત યાદી શિલાલેખમાં લખવામાં આવશે.

(૩) ઉપર મુજબના તમામ વિભાગોમાં કોઇપણ ફેરફાર કરવાનો અધિકાર પૂ. મહારાજશ્રીનો રહેશે.



# 'શ્રી વલ્લભ પુષ્ટિધામ'



## ગૌશાળાનાં મુખ્ય અંશો

(૧) ગૌ શાળાને ફરતા ઔષધીય વૃક્ષો, ગૌધનને આવવા-જવા માટેનાં દ્વાર
(૨) પરિસરમાં મીઠા પાણીનાં અવેડા, સફાઇ માટે ગટર વ્યવસ્થા તેમજ આધુનિક ઢબે સફાઇ
(૩) ગૌચારણ માટે પ્રાકૃતિક ફ્લોરિંગ, ચરવા માટેની વિશેષ વ્યવસ્થા તેમજ ગરમીના દિવસોમાં ઠંડક માટે એરકુલિંગ સિસ્ટમ
(૪) ફૂલ છોડ, નયનરમ્ય ફુવારા તેમજ ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિમા
(૫) લોકો માટે પ્રાકૃતિક નિસર્ગ ઉપચાર કેન્દ્ર, ગૌમૂત્ર આયુર્વેદિક ચિકિત્સા કુટીર
(૬) ભવિષ્યમાં પંચગવ્ય-ગૌમૂત્ર ઔષધિયો ના નિર્માણ માટે સુવિધા તેમજ લેબોરેટરી વિભાગની સ્થાપના
(૭) અશક્ત વૃધ્ધ, બીમાર ગાયો જેમને સારવારની આવશ્યકતા છે તેમના માટે પશુ દવાખાનું અને ડોકટરની સારવાર
(૮) વાછરડા માટે સુંદર નાની ખિરકો
(૯) ગાયો માટે પૌષ્ટિક આહાર – ભૂસું – ઘાસચારાના સંગ્રહ માટે ગોડાઉન વ્યવસ્થા
(૧૦) વીજળીના પ્રશ્ન માટે જનરેટરની વ્યવસ્થા
(૧૧) પક્ષીઓ માટે ચબુતરો
(૧૨) ગોવાળનું નિવાસ ગૌ શાળાની દેખરેખ માટે ચોકીદાર તેમજ ગૌસેવાનાં ઉદ્દેશથી આવતા મુલાકાતીઓ માટે અતિથ નિવાસની સુવિધા
(૧૩) બાળકો માટે ક્રીડાંગણ આદિ
(૧૪) ગાયના છાણમાંથી કુદરતી ખાતરનું નિર્માણ
(૧૫) સુંદર કલાત્મક તુલસી ક્યારો
(૧૬) બહારના રોડ પરના ભાગમાં રસ્તાપરથી પસાર થતાં પશુઓ માટે પીવાના પાણીનો અવેડો
(૧૭) મીઠા શુદ્ધ પાણીની વ્યવસ્થા માટે બે સબમર્સીબલ બોર પંપ
(૧૮) અંડરગ્રાઉન્ડ અને ઓવરગ્રાઉંડ વિશાળ પાણીનાં ટાંકા
(૧૯) પરિસરમાં મુલાકાતે આવતા મુલાકાતીઓને તેમજ ગૌવંશને અતિપ્રિય છે એવું બંસીવાદન સંગીત કીર્તન પણ આ પ્રોજેક્ટમાં આવરી લેવામાં આવશે
(૨૦) ભગવાન શ્રીકૃષ્ણની ગૌચારણ લીલાના વિવિધ સુંદર રંગીન ચિત્રો.
(૨૧) ગૌ સેવા અને પશુ પાલન ના માર્ગદર્શન માટેના સુંદર રંગીન બેનરો.

## શ્રી દ્વારકેશ આયુર્વેદિક ચિકિત્સાલય

ગૌશાળા વિભાગમાં પ્રાકૃતિક નિસર્ગ ઉપચાર કેન્દ્ર તેમજ ગૌમૂત્ર અને પંચગવ્ય આયુર્વેદિક ચિકિત્સા કુટીરનું નિર્માણ થશે. જેમાં ઔષધિઓનું નિર્માણ અને અનુભવી વૈદ્યો દ્વારા ચિકિત્સા કરવામાં આવશે.

'આયુર્વેદ'એ ભારતની સમગ્ર વિશ્વને એક મહાન દેન છે. જગતમાં કોઇ પણ રોગ એવો નહિ હોય જેની સારવાર આયુર્વેદમાં નથી. આજે મોંઘીદાટ એલોપેથિક દવાઓ અને તેની આડઅસરનાં કારણે આખું વિશ્વ આયુર્વેદ તરફ વળી રહ્યું છે.

આયુર્વેદમાં 'પંચગવ્ય'ને અમૃત તુલ્ય કહ્યું છે અને એમાં પણ ગાયનું દુધ, ગૌમૂત્ર અને ગાયનાં ઘી દ્વારા અનેક અસાધ્ય રોગોનો ઉપચાર અને નિવારણ શક્ય બને છે.

આ વિભાગમાં નિષ્ણાત અનુભવી વૈદ્યોના માર્ગદર્શનમાં રોગોનું નિદાન અને ચિકિત્સા થશે.


## બાળવાટિકા

નાનાં ભૂલકાઓ એ ભગવાન શ્રીકૃષ્ણનું જ બાળ સ્વરૂપ છે. શ્રીવલ્લભ પુષ્ટિ ધામમાં આવનાર મહેમાનો સાથે રહેલાં નાનાં ભૂલકાઓ રમી શકે એ હેતુથી સુંદર બાળક્રીડાંગણ નિર્મિત થશે.

અંદાજિત ખર્ચ રૂા. ૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ રૂપિયા)

# 'શ્રી વલ્લભ પુષ્ટિધામ'





નિકુંજનાયક શ્રીદ્વારકાધીશ પ્રભુ



નિ.લી.પ.પૂ.ગો. ૧૦૮
શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી
(પૂ. દાદાશ્રી)



નિ.લી.પ.પૂ.ગો. ૧૦૮
શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી



પ.પૂ.ગો. ૧૦૮
શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રી



પ.પૂ.ગો.
શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી



પ.પૂ.ગો.
શ્રી પુરૂષોત્તમલાલજી મહોદયશ્રી



પ.પૂ. ચિ.ગો.
શ્રી અનુગ્રહકુમારજી



## સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિને નિવેદન

શ્રીવલ્લભનાં કૃપાપાત્ર પ.ભ. વૈષ્ણવપરિવારનાં સ્વજનો,

નિકુંજનાયક શ્રીદ્વારકાધીશપ્રભુ તથા શ્રીલાલજી પ્રભુના અસીમ અનુગ્રહથી નિ.લી.પ.પૂ.ગો. ૧૦૮ શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી (પૂ.દાદાશ્રી) તથા નિ.લી.પ.પૂ.ગો. ૧૦૮ શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી અખંડભૂમંડલાચાર્ય જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રાગટ્ય પીઠના ગૃહાધિપતિ પ.પૂ. ગો. ૧૦૮ વ્રજજીવનલાલજી મહારાજશ્રીના સંરક્ષણમાં આપશ્રીનાં યુવરાજ સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિના હૃદય સમ્રાટ પ.પૂ.ગો.શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીના સર્વાધ્યક્ષતા અને પ.પૂ.ગો.શ્રી પુરૂષોત્તમલાલજી મહોદયશ્રીની ઉપાધ્યક્ષતામાં પૂજ્યશ્રીના સ્વપ્નને સાકિરત કરવા માટે પુષ્ટિમાર્ગના સીમાચિન્હ સ્વરૂપ **'શ્રી વલ્લભ પુષ્ટિધામ'**નું નિર્માણ થવા જઇ રહ્યું છે. એ સમગ્ર વલ્લભીય સૃષ્ટિ માટે ગૌરવની બાબત છે.

નયનરમ્ય કુદરતી શુદ્ધ વાતાવરણમાં ચલાલા – અમરેલી હાઇવે ઉપર અમરેલી શહેરથી ૮ કિ.મી. દૂર 'ગાવડકા' સ્ટેશનથી નજીક ૨.૫ એકર વિશાળ ભૂમિ પર સમગ્ર સંકુલ આકાર લેશે જેનાં વિવિધ સેવાકીય સદનોની માહિતી માર્ગદર્શિકામાં આપે વાંચી સમગ્ર સેવાકીય પ્રવૃત્તિઓ 'શ્રીદ્વારકેશ પુષ્ટિમાર્ગીય સેવા ટ્રસ્ટ'ના તત્વાવધાનમાં થશે.

ચાલો આપણે સૌ આપણાં આચાર્યચરણોનાં આ અલૌકિક કાર્યને આપણો સ્વધર્મ સમજી વેગ આપીએ. આપણા સ્વધર્મ પ્રત્યેનાં ઋણને ચુકવવાનો આનાથી રૂડો બીજો કયો અવસર હોઇ શકે ? આપણે સૌ સાથે મળી સ્વધર્મનિષ્ઠા અને ગૌરવપૂર્વક આ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાઇને પોતાની જાતને ધન્યતા અપાવીએ.

ઉપરોક્ત સેવાકાર્યમાં સહભાગી થવા આપનાં દૈવી દ્રવ્યનો વિનિયોગ ચેક કે ડ્રાફ્ટ દ્વારા 'શ્રીદ્વારકેશ પુષ્ટિમાર્ગીય સેવા ટ્રસ્ટ'નાં નામે મોકલશો.

લી.
શ્રીદ્વારકેશ પુષ્ટિમાર્ગીય સેવા ટ્રસ્ટનાં સદસ્યો
'શ્રીવલ્લભ પુષ્ટિ પરિવાર'નાં પરિવાર જનો, શ્રીદ્વારકેશ યુવક મંડળ
'શ્રીવલ્લભ પુષ્ટિ ધામ' નિર્માણ સમિતિના સદૈન્ય ભગવદ્ સ્મરણ